For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# બળેવ પહેલા જ મીઠાઈના ભાવ વધ્યા

**કેટલાક** વેપારીઓએ કિલોએ રૂપિયા 10થી 20 સુધીનો ભાવ વધાર્યો

**સુગર** ફેક્ટરીઓ ઇથેનોલના ઉત્પાદનમાં મંડી પડતા ખાંડનું ઉત્પાદન ઘટ્યું

સુરતઃ તહેવારોની સિઝન શરૂ થવાના આરે જ ખાંડના ભાવમાં થયેલા નોંધપાત્ર વધારાની અસર હવે સુરતના મીઠાઈ બજારમાં જોવા મળી રહી છે. રક્ષાબંધન, જન્માષ્ટમી, ગણેશોત્સવ અને આગામી નવરાત્રી જેવા તહેવારો દરમિયાન મીઠાઈની માંગ વધતી હોય છે ત્યારે ખાંડના ભાવ વધતા શહેરના કેટલાક નાના મીઠાઈ વિક્રેતાઓએ વિવિધ મીઠાઈના ભાવમાં કિલોદીઠ રૂપિયા 10થી 20 સુધીનો વધારો કર્યો હોવાનું જાણવા મળ્યું છે. પરિણામે તહેવારોમાં મીઠાઈ ખરીદનારા ગ્રાહકોના બજેટ પર વધારાનો બોજ પડવાની શક્યતા છે. દક્ષિણ ગુજરાત અને મહારાષ્ટ્રની સુગર ફેક્ટરીઓ ઈથેનોલના ઉત્પાદનમાં મંડી પડતા ખાંડનું ઉત્પાદન ઘટ્યું છે. એની અસર સ્વીટ્સ માર્કેટ પર પડી છે. છેલ્લા એક મહિનામાં ખાંડના ભાવમાં નોંધપાત્ર ઉછાળો આવ્યો છે. સુરતના મીઠાઈ વિક્રેતાઓના જણાવ્યા મુજબ માત્ર ખાંડ જ નહીં, પરંતુ ઘી, મેંદો, માવા, ડ્રાયફ્રૂટ્સ સહિતની અન્ય કાચી સામગ્રીના ભાવ તેમજ મજૂરી અને ઉત્પાદન ખર્ચમાં પણ વધારો

...અનુસંધાન પાના 7 પર

**ભાવ વધારાના કારણ**

1. ઘી, મેંદો અને માવાના ભાવમાં વધારો
2. ડ્રાયફ્રૂટ્સ અને કાચી સામગ્રીનો ભાવ વધ્યો
3. મજૂરી અને ઉત્પાદન ખર્ચ વધી ગયો

### 1 સપ્ટેમ્બરથી 15 દિવસથી વધુના ખાંડના સ્ટોકને મંજૂરી નહીં

સરકારે 1 ઓગસ્ટથી 30 નવેમ્બર 2026 સુધી ખાંડના વેપારીઓ પર 400 ટનની સ્ટોક મર્યાદા લાદી છે . 1 સપ્ટેમ્બરથી, જથ્થાબંધ ગ્રાહકોને (મીઠાઈ ઉત્પાદકો સહિતના બલ્ક કન્ઝ્યુમર્સ) 15 દિવસના વપરાશથી વધુ ખાંડનો સ્ટોક રાખવાની મંજૂરી આપવામાં આવશે નહીં. રાજ્યો અને ખાંડ મિલોને 15 ઓક્ટોબર 2026 થી ક્રશિંગ શરૂ કરવા માટે સલાહ આપવામાં આવી છે. આનાથી ઓક્ટોબરમાં ખાંડનું ઉત્પાદન સામાન્ય 3-4 LMT થી વધીને 10 LMT થી વધુ થવાની ધારણા છે, જેનાથી તહેવારોની સિઝન દરમિયાન ઉપલબ્ધતામાં વધુ સુધારો થશે.




## મેટ્રોના ભટાર સ્ટેશન પર એસ્કેલેટર મૂકી દેવાયાં



શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટની કામગીરી ઝડપથી આગળ વધી રહી છે. જેમાં ભટારના મેટ્રો સ્ટેશન પર મુસાફરોની સુવિધા માટે એસ્કેલેટર પણ સફળતાપૂર્વક ફીટ કરી દેવામાં આવ્યા છે. એસ્કેલેટર, ગર્ડરોનું લોન્ચિંગ તેમજ સફળ ટ્રાયલ રન થતા હવે સુરતવાસીઓનું મેટ્રોની સવારી કરવાનું સ્વપ્ન હવે ખૂબ જ નજીકના ભવિષ્યમાં સાકાર થવા જઈ રહ્યું હોય તેવી પ્રતિતી થઈ રહી છે.

# ‘કમલમ્’માં થઈ ભારે ‘મારમ્મારમ્’, ભાજપના બે વોર્ડ પ્રમુખ બાખડ્યા

**સુરત** ભાજપ કાર્યાલયમાં અગાઉ બે કોર્પોરેટરો વચ્ચે મારામારી, ખજાનચીને લાફા બાદ વધુ એક કિસ્સાથી શિસ્તના ‘લીરેલીરા’ ઊડ્યા

સુરતઃ એક સમયે શિસ્ત અને સંગઠનાત્મક અનુશાસન માટે ઓળખાતી સુરત ભાજપમાં હવે કાર્યકરો અને હોદ્દેદારો વચ્ચેની બોલાચાલી તથા કથિત મારામારીની ઘટનાઓ જાણે સામાન્ય બનતી જતી હોવાની ચર્ચા રાજકીય વર્તુળોમાં ઊઠી છે. અગાઉ કોંગ્રેસના કાર્યક્રમોમાં કાર્યકરો વચ્ચે મારામારીના કિસ્સા ચર્ચાનો વિષય બનતા હતા, પરંતુ હવે સુરત ભાજપમાં પણ આવા બનાવો વારંવાર સામે આવતાં પક્ષની આંતરિક શિસ્ત સામે સવાલો ઊભા થયા છે.

નજીકના ભૂતકાળમાં મોટા વરાછા વિસ્તારમાં એક કાર્યકર દ્વારા ખજાનચી શૈલેષ જરીવાલાને લાફા માર્યાની ઘટના ચર્ચામાં રહી હતી, જેમાં કાર્યવાહી પણ થઇ હતી, ત્યારબાદ વોર્ડ નંબર-5ના વોર્ડ પ્રમુખ, તેમનાં પત્ની, કોર્પોરેટર અને ટી.પી. કમિટી ચેરમેન વચ્ચે કથિત મારામારીના વિવાદે પણ ભાજપમાં આંતરિક ખેંચતાણ છતી કરી હતી. જોકે, તેમાં કાર્યવાહીના બદલે સમાધાન કરાવી દેવાયું હતું. હવે ભાજપ કાર્યાલય ખાતે જ કતારગામ ઝોનના બાજુબાજુના બે વોર્ડના વોર્ડ પ્રમુખો વચ્ચે કથિત મારામારીની ચર્ચાએ સંગઠનમાં ખળભળાટ મચાવ્યો છે. ગેરકાયદે બાંધકામો તથા વિવિધ ભલામણોના મુદ્દે ચાલતી ખેંચાખેંચી અને હિતોની ટક્કર આખરે ઉગ્ર તકરારમાં પરિણમી હોવાની ચર્ચા જોર પકડી રહી છે. એક પછી એક સામે આવતી આવી ઘટનાઓને કારણે ‘શિસ્તબદ્ધ ભાજપ’ની

...અનુસંધાન પાના 7 પર




# જ્વેલરી-હીરાની આડમાં ફર્સ્ટ કોપી લક્ઝરી ઘડિયાળનું સુરતમાં વેચાણ!

**2.50** લાખથી શરૂ કરીને એક કરોડની કિંમતની ઘડિયાળ વેચાતી હતી, 10થી વધુ સ્થળે દરોડા

**SIIB** કસ્ટમની ટીમે રૂપિયા 1.09 કરોડની ફર્સ્ટ કોપી ઘડિયાળો અને દસ્તાવેજો કબજે કર્યા

સુરત : સુરત કસ્ટમ્સની સ્પેશ્યલ ઈન્ટેલિજન્સ એન્ડ ઈન્વેસ્ટિગેશન બ્રાન્ચે જુદા જુદા સ્થળોએ સર્ચ કાર્યવાહી કરી કુલ 1.09 કરોડની ફર્સ્ટકોપી લક્ઝુરીયસ ઘડિયાળો જપ્ત કરી તપાસ શરૂ કરી છે. સમગ્ર પ્રકરણમાં ઘડિયાળોની ખરીદી-વેચાણ, વ્યવહારો અને તેની સાથે સંકળાયેલા લોકો સુધી પહોંચવા માટે SIIB કસ્ટમની ટીમ દ્વારા એક પછી એક કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. તપાસના ભાગરૂપે 10થી વધુ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હોવાની માહિતી મળી રહી છે.

મળતી માહિતી મુજબ, દરોડા દરમિયાન કસ્ટમની તપાસ ટીમે વિવિધ સ્થળોએ દસ્તાવેજો, વ્યવહારોને લગતી વિગતો તથા અન્ય સામગ્રી અંગે તપાસ હાથ ધરી હતી. લક્ઝુરીયસ ઘડિયાળોના વેચાણ સાથે સંકળાયેલા લોકો તથા સમગ્ર વ્યવસ્થાની કડી શોધવા માટે તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે.કસ્ટમ્સ વિભાગે જ્વેલરી-હીરાની આડમાં ઘડિયાળોના કરોડોના વ્યવહારની આશંકા વ્યક્ત કરી છે.આ પ્રકરણની તપાસ દરમિયાન ચોંકાવનારી વિગતો સામે આવી રહી હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. જ્વેલરી

...અનુસંધાન પાના 7 પર

### ઘડિયાળ વેચનાર યુવાનને બેંગ્લુરુ બોલાવાશે

ઘડિયાળોના વેચાણ સાથે સંકળાયેલા એક યુવાનને પૂછપરછ માટે બેંગલુરુ બોલાવવામાં આવે તેવી શક્યતા હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. કસ્ટમ વિભાગ દ્વારા સમન્સ પાઠવ્યા બાદ તેની પૂછપરછ કરવામાં આવી શકે છે. પૂછપરછ દરમિયાન ઘડિયાળોની ખરીદી ક્યાંથી કરવામાં આવી હતી, તેનું વેચાણ કોને કરવામાં આવ્યું હતું, ઘડિયાળોની વાસ્તવિક કિંમત કેટલી હતી, તેના માટે કોઈ લાઇસન્સ અથવા અન્ય મંજૂરી લેવામાં આવી હતી કે કેમ તેમજ સમગ્ર વ્યવહાર કયા માધ્યમથી કરવામાં આવ્યો હતો તે સહિતના મુદ્દાઓ અંગે માહિતી મેળવવામાં આવે તેવી શક્યતા છે.

# સાપુતારા અને રાજ્યના સરહદી વિસ્તારોમાં ભૂકંપ

**મહારાષ્ટ્રના** નાસિકને કેન્દ્ર બિંદુ ગણાવતા 3.3ની તીવ્રતાના આંચકાથી પ્રવાસીઓમાં ભયનો માહોલ

સાપુતારા : ડાંગ જિલ્લામાં ઓગસ્ટ મહિનામાં સતત ત્રણ વખત ભૂકંપનાં આંચકા અનુભવાયા છે. મહારાષ્ટ્રનાં નાસિક જિલ્લામાં ભૂકંપનું એપિક સેન્ટર હોય જેથી સાપુતારા વિસ્તારમાં વારંવાર ધરા ધ્રુજી રહી છે. ડાંગ જિલ્લાના પ્રખ્યાત ગિરિમથક સાપુતારા અને તેની આસપાસના સરહદી વિસ્તારોમાં આજે ૨૧-૦૮-૨૦૨૬નાં બપોરનાં અરસામાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. મહારાષ્ટ્રના નાસિક સરહદી વિસ્તારને સ્પર્શતા આ પ્રદેશમાં અનુભવાયેલા આ ભૂકંપની તીવ્રતા રિએક્ટર સ્કેલ પર ૩.૩ નોંધાઈ છે, જેના કારણે સ્થાનિક રહીશો અને પ્રવાસીઓમાં ક્ષણભર માટે ભયનો માહોલ સર્જાયો હતો. ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રની સત્તાવાર માહિતી અનુસાર, આ આંચકો આજરોજ ૨૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ બપોરે ૨:૪૫:૩૨ વાગ્યે (IST) નોંધાયો હતો. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ અક્ષાંશ ૨૦.૪૪૨ (Lat) અને રેખાંશ ૭૩.૭૦૨ (Long) પર પૃથ્વીની સપાટીથી માત્ર ૫ કિલોમીટરની ઊંડાઈએ (Depth) નોંધાયું હતું. ભૌગોલિક રીતે આ કેન્દ્રબિંદુ નાસિક (મહારાષ્ટ્ર) વિસ્તારમાં આવતુ હોવા છતાં, ડાંગ જિલ્લાના સાપુતારા અને સરહદી ગામડાઓમાં તેની સ્પષ્ટ અસર જોવા મળી હતી. ધરતીકંપનો આંચકો હળવો હોવાના કારણે કોઈ જાનમાલના નુકસાન કે મોટા પાયે હોનારતના સમાચાર મળ્યા નથી. જોકે, બપોરના સમયે અચાનક ધરતી ધ્રૂજી ઊઠતા સાપુતારા ખાતે આવેલા પ્રવાસીઓ તેમજ સ્થાનિક લોકો ઘર અને હોટલોમાંથી બહાર

...અનુસંધાન પાના 7 પર

**‘લોટ પાણી ને લાકડાં’, 2 ફૂડ સેફ્ટી ઓફિસર સાથે માત્ર 20 જ કર્મી છતાં**

# મનપાનું ફૂડ વિભાગ જાણે ‘સુપરમેન’, 4 દિ’માં 1153 સંસ્થા ચેક કરી નાંખી!

**રોજ** 280 એકમ અને એક કર્મચારીના ભાગે 14, કેવી રીતે તપાસ કરી લીધી તે ‘રામ જાણે’...

સુરતઃ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય અને ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા અખાદ્ય તેમ જ વાસી ખોરાક સામે હાથ ધરાયેલી ‘મેગા ફૂડ સેફ્ટી ડ્રાઈવ’ના મોટા-મોટા આંકડાઓ સામે આવ્યા છે. પરંતુ આ સરકારી દાવાઓની પાછળની વાસ્તવિકતા તપાસવામાં આવે ત્યારે તંત્રની ગંભીર બેદરકારી અને ‘લોટ પાણી ને લાકડા’ જેવી કામગીરી છતી થાય છે. મનપાના દાવા અનુસાર છેલ્લા કેટલાક દિવસોમાં 971 હોટેલ-રેસ્ટોરન્ટ અને 182 ઢાબા મળીને કુલ 1,153 સંસ્થાઓમાં તપાસ કરવામાં આવી છે. પરંતુ શહેરના 9 ઝોન વચ્ચે આખા ફૂડ સેફ્ટી વિભાગ પાસે માત્ર 20 જેટલા કર્મચારીઓનો સ્ટાફ છે.

ગણિત માંડીએ તો દરરોજ એક કર્મચારીના ભાગે 5થી વધુ એકમોની તપાસ આવે છે. એક જ હોટેલના રસોડાની સ્વચ્છતા, ડીપ ફ્રીઝ, કાચા-પાકા ખોરાકનું સ્ટોરેજ, તેલ, ફૂડ હેન્ડલર્સના મેડિકલ સર્ટિફિકેટ, પેસ્ટ કંટ્રોલ, લાઈસન્સ અને સેમ્પલિંગ જેવી સઘન તપાસ કરવા માટે ઓછામાં ઓછો 30થી 60 મિનિટનો સમય લાગે. મુસાફરી, કાગળકામ, પંચનામું અને ફોટોગ્રાફીનો સમય ગણીએ તો આટલા ઓછા સ્ટાફ સાથે આટલી મોટી સંખ્યામાં ‘સઘન’ તપાસ કરવી વ્યવહારિક રીતે અશક્ય છે. નાગરિકોના આરોગ્ય સાથે રમત રમતા આ તંત્ર સામે હવે સીધો પ્રશ્ન ઊભો થાય છે કે, શું અધિકારીઓ ખરેખર કિચન સુધી પહોંચ્યા હતા કે પછી માત્ર દરવાજે ઊભા રહીને કાગળો જોઈ આંકડાનો ચોપડો ભરી દીધો? શું આ તપાસ માત્ર મીનિટોમાં આટોપી લેવાઈ કે પછી ખાલી કામગીરી બતાવવાનું નાટક જ કરાયું છે? માત્ર આંકડા મોટા બતાવીને પોતાની પીઠ થાબડવાને બદલે તપાસમાં કેટલી પારદર્શિતા હતી તે જાહેર કરવું જરૂરી છે. લોકોના જીવ સાથે ખિલવાડ કરતા વેપારીઓ સામે કડક પગલાં ભરવાના બદલે જો તંત્ર માત્ર કાગળ પર ‘મેગા ડ્રાઈવ’ના આંકડા દર્શાવીને સંતોષ માનશે, તો શહેરીજનોનું સ્વાસ્થ્ય

...અનુસંધાન પાના 7 પર

### શુક્રવારે બંધ કરાયેલાં એકમોની યાદી

- **કતારગામ ઝોન:** મહાકાલ ચાઈનીઝ (લલીતા ચોકડી), વીર આમલેટ (ગજેરા સર્કલ), જમ્બો વડાપાઉં (ગજેરા સર્કલ), મનપસંદ પાણીપુરી (કતારગામ)
- **વરાછા-બી ઝોન:** ભવાની ફરસાણ (સરથાણા)
- **ઉધના-એ ઝોન:** ગણેશ રેસ્ટોરન્ટ (ઉધના દરવાજા), ચટપટા - કે.એસ. બી ઓલમ્પીયા (બમરોલી)

**સુરત શહેર-જિલ્લાના 11000 MSME SGSTના રડારમાં**

# કરોડોનું ટર્નઓવર પણ રિટર્નમાં GSTની ચોરી!

**સરકારના** ઔદ્યોગિક વિભાગો પાસેથી મળેલી વિગતોને પગલે એક્શન મોડ

### વિભાગો વચ્ચેના ડેટા શેરિંગથી ભાંડો ફૂટ્યો

આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ સરકારના વિવિધ લોકલ અને સ્ટેટ લેવલના ઉદ્યોગ વિભાગો વચ્ચેના આંતરિક ડેટા ટ્રાન્સફરને કારણે થયો છે. ઉદ્યોગ ખાતા પાસે નોંધાયેલી સબસિડી, પ્રોડક્શન ક્ષમતા અને વાર્ષિક ટર્નઓવરની વિગતો જીએસટી વિભાગને સોંપવામાં આવી હતી. જીએસટી પોર્ટલ પર ભરેલા ટેક્સ સાથે આ ડેટાને સરખાવતા (ડેટા મિસ-મેચ) કરોડો રૂપિયાની ટેક્સ ચોરી પકડાઈ છે.

સુરતઃ સુરત સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા ટેક્સ ચોરી કરનારાઓ સામે એક મોટું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. સરકારના ઉદ્યોગ ખાતાના વિવિધ વિભાગો તરફથી મળેલી મહત્વની વિગતો અને ડેટા મિસ-મેચના આધારે સુરતના

...અનુસંધાન પાના 7 પર

### નોટિસ અને કડક કાયદાકીય તપાસની તૈયારી

આ વિગતોને આધારે સુરત જીએસટી વિભાગે શંકાસ્પદ 11,000 MSME એકમોની યાદી તૈયાર કરી છે. આગામી દિવસોમાં આ તમામ એકમોને હિસાબો રજૂ કરવા માટે કારણદર્શક નોટિસ ફટકારવામાં આવશે. જો ઉદ્યોગકારો યોગ્ય ખુલાસો કે પુરાવા નહીં આપી શકે, તો તેમના વ્યવસાયિક સ્થળો પર પ્રત્યક્ષ

...અનુસંધાન પાના 7 પર


બીજી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. સુરેન્દ્રભાઈ નવનીતલાલ શાહ
જન્મ તા. ૨૮/૦૫/૧૯૪૪
સ્વર્ગવાસ તા. ૨૨/૦૮/૨૦૨૪

કેલેન્ડરનાં પાનાં કહે છે કે આપને વિદાય આપ્યાને બે વર્ષ વીતી ગયાં... પરંતુ અમારા માટે સમય જાણે આજે પણ ત્યાં જ થંભેલો છે. આપની યાદ આજે પણ એટલી જ જીવંત છે. એક પણ દિવસ એવો નથી ઊગ્યો જેમાં આપ યાદ ન આવ્યા હો. કોઈ પ્રસંગ હોય કે કોઈ નિર્ણય, સુખની ક્ષણ હોય કે મુશ્કેલીનો સમય દરેક વળાંકે મન આજે પણ આપની હાજરી અને માર્ગદર્શન શોધે છે.
આપ પ્રત્યક્ષ અમારી વચ્ચે નથી, પણ આપની અદૃશ્ય હાજરી આજે પણ અમારા સંસ્કારોમાં, વિચારોમાં, નિર્ણયોમાં, પ્રાર્થનાઓમાં અને પરિવારના પરસ્પર પ્રેમમાં અનુભવાય છે.
તમે માત્ર અમારા પરિવારના વડીલ નહોતા તમે અમારા પરિવારનું હૃદય હતા.
આજે આપની સ્મૃતિ માત્ર એક યાદ નથી, પણ અમારા જીવનનો આધાર અને માર્ગદર્શન છે.
તમે અમારાથી દૂર નથી થયા... બસ, હવે આંખોને દેખાતા નથી.
આપની પાવન સ્મૃતિને કોટિ કોટિ વંદન.

લિ. ઉષાબેન સુરેન્દ્રભાઈ શાહ
સૌરભ સુરેન્દ્ર શાહ | નેહા દસાડીયા | ડો. ટવીન્કલ ઘીઆ
શીતલ સૌરભ શાહ | દિપેશ દસાડીયા | ડો. દર્શન ઘીઆ
ઋજુ - શુભ - જય - સૌમ્ય - તનય - શર્વી
Paras Chemicals ✦ Transit Electronics ✦ Blossom Kids ✦ eTransit ✦ CNS Perth, Australia



શ્રદ્ધાંજલિ



સ્વ.હિરાલાલ નગીનદાસ સીંગાપુરી સ્વ.તા.૨૨.૦૮.૨૦૧૯
DADA WE MISS YOU
WE LOVE YOU LOTS
લિ.
દિનેશ હિરાલાલ સીંગાપુરી — કુમુદ દિનેશ સીંગાપુરી
અમર દિનેશ સીંગાપુરી — દિપાલી અમર સીંગાપુરી
દિવ્યા દિનેશ સીંગાપુરી — આર્યા અમર સીંગાપુરી
મીશ્કા અમર સીંગાપુરી



અવસાન, બેસણું, શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |


| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



શ્રદ્ધાંજલિ



“DADA: WE LOVE YOU LOTS”
લિ.
હેમીલા પ્રકાશ ભગત
ઉષા દિનેશચંદ્ર બચકાનીવાલા | દિનેશચંદ્ર શાંતીલાલ બચકાનીવાલા
કાશ્મીરા અયન જડીયા | અયન જીતેન્દ્રકુમાર જડીયા
ઉર્વી ભાવેશ લેખડીયા | ભાવેશ વિનોદચંદ્ર લેખડીયા
ઉન્નતી વિશાલ સાવલાની | વિશાલ વાસુદેવ સાવલાની
અંજલી દિશાંત મહેદીરત્તા | દિશાંત સુનીલભાઈ મહેદીરત્તા
યથાર્થ, સમારા, ઝહાન, અબીર, અતારા, દુઆ
સ્વ.હિરાલાલ નગીનદાસ સીંગાપુરી
સ્વ.તા. ૨૨/૦૮/૨૦૧૯



શ્રદ્ધાંજલિ - ઉત્તરક્રિયા



સ્નેહના સાગર સમા હર કોઈને પોતાના ગણી, પોતાના પ્રેમાળ હૈયાથી ઓળખનારા, મુખ પર મધુર સ્મીત, અંતરમાં ઊર્મિ, હૃદયથી ભોળા, સૌમ્ય સ્વભાવવાળા આપના દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના...
ઉત્તરક્રિયા તા. ૨૪/૦૮/૨૦૨૬, સોમવારના રોજ સવારે ૯:૦૦ કલાકે રાખેલ છે. સ્થળ:૫૧૭, જલારામ મંદિર સ્ટ્રીટ, જલારામ મંદિર પાસે, વેસુ, સુરત.
“તમારી સ્મૃતિઓ સદાય અમારાં હૃદયમાં જીવંત રહેશે.”
શોકગ્રસ્ત પરિવાર
દમયંતીબેન પ્રવીણભાઈ સોલંકી - પત્ની
ભાવેશ પ્રવીણભાઈ સોલંકી - પુત્ર - હેમલ ભાવેશ સોલંકી - પુત્રવધૂ
કિઆન ભાવેશ સોલંકી - પૌત્ર - નૂતન કૌશિક સોલંકી - પુત્રી
સોનલ અંકુર ચૌહાણ - પુત્રી
સ્વ. પ્રવીણભાઈ કાલિદાસ સોલંકી
જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૧
સ્વ. તા. ૧૩/૦૮/૨૦૨૬



દુ:ખદ અવસાન - બેસણું



સ્વ.પ્રજાપતિ ગણેશભાઈ શંકરભાઈ
સ્વ.તા.૨૦-૦૮-૨૦૨૬
દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી/ભાઈશ્રી **પ્રજાપતિ ગણેશભાઈ શંકરભાઈ** (ઉંમર વર્ષ-૭૯)નું શ્રાવણ સુદ આઠમ **તા.૨૦-૦૮-૨૦૨૬**ને **ગુરૂવાર**ના રોજ **સ્વર્ગવાસ** થયેલ છે. પ્રભુ સદ્ગતનાં દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
સદગતનું બેસણું તા. ૨૩-૦૮-૨૦૨૬ને રવિવારના રોજ સવારે ૮ થી ૧૨ કલાકે પ્રજાપતિ સમાજ ની વાડી, ગામ - ખાટા આંબા મુકામે રાખેલ છે. (લૌકિક રિવાજ બંધ છે.)
લિ.
જીતેન્દ્ર ભાઈ દલપતભાઈ પટેલ (સરોલી)
પ્રજાપતિ બીપીનભાઈ ગણેશભાઈ (૯૩૨૭૮૨૫૨૫૧)
પ્રજાપતિ મંગળભાઈ શંકરભાઈ
પ્રજાપતિ પ્રભુદાસ શંકરભાઈ (૯૯૨૫૯૫૫૨૭૩)
પ્રજાપતિ સેંધાભાઈ શંકરભાઈ
પ્રજાપતિ હીરાભાઈ શંકરભાઈ (૭૯૯૦૫૬૦૬૭૮)
પ્રજાપતિ દશરથભાઈ વીરાભાઈ.



છઠ્ઠી પુણ્યતિથિએ સ્મરણાંજલિ



“ આવો છો સ્મૃતિમાં કંઈક એમ તમે,
જાણે સાચી ન હતી એ વાત ગયાની,
હરક્ષણમાં, ઉમંગમાં
અને વાતોમાં છે નામ તમારૂં,
કમી છે માત્ર પ્રત્યક્ષ હોવાની,
છો અને રહેશો હૃદયમાં સદા તમે,
પ્રાર્થના છે બનીને છાંયડો
સાથે રહેવાની.”
પ્રભુ તમારા દિવ્ય આત્માને
ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
સ્વ.વિક્રમકુમાર નવીનચંદ્ર મલજી
સ્વ.તા.૨૨/૦૮/૨૦૨૦
હર્ષા વિક્રમકુમાર મલજી
અમિષ વિક્રમકુમાર મલજી - ઉલ્કા અમિષ મલજી
હિદય અમિષ મલજી
દેવીના રાજીવ ઝવેરી - રાજીવકુમાર અભયભાઈ ઝવેરી
કવીના - જાન્યા
V.નવીનચંદ્ર હીરાચંદ મલજી જ્વેલર્સ પરિવાર
સમૃદ્ધિ સિલ્વર પરિવાર
રામચોક, ઘોડદોડ રોડ, સુરત.